## અંકલેશ્વર ગ્રીનફિલ્ડ એરપોર્ટ: રાજ્યની 5મી લાંબી એરસ્ટ્રીપ



**પ્રોજેક્ટ** વર્ષ 2028ના અંત સુધીમાં સંપૂર્ણ ઓપરેશનલ થવાની શક્યતા

ભરૂચ: અંકલેશ્વરના અમરતપુરા ગામ પાસે આશરે 85 હેક્ટર વિસ્તારમાં અત્યાધુનિક ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ એરપોર્ટ ગુજરાતની પાંચમી સૌથી લાંબી એરસ્ટ્રીપ ધરાવશે. રૂ. 105 કરોડના ખર્ચે તૈયાર કરાયેલો રનવે 2,135 મીટર લાંબો અને 45 મીટર પહોળો છે, જે NH-48 ની બાજુમાં બાંધવામાં આવ્યો છે. પ્રથમ તબક્કાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બીજા તબક્કામાં એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ટાવર સહિતની અન્ય સુવિધાઓ વિકસાવાશે.આ એરપોર્ટ કાર્યરત થતાંની સાથે જ કાર્ગો અને પેસેન્જર સેવાઓ શરૂ થશે. અહીં બોઈંગ કાર્ગો એરક્રાફ્ટના લેન્ડિંગ-ટેકઓફ ટેસ્ટનું આયોજન છે. આસપાસ ઊંચી ઇમારતો ન હોવાથી વિમાનોની અવરજવર સુરક્ષિત અને સરળ બનશે. પ્રોજેક્ટ વર્ષ 2028ના અંત સુધીમાં સંપૂર્ણ ઓપરેશનલ થવાની શક્યતા છે.

### ઓલપાડના કૂડસદ ગામની પાણીની ટાંકીના દાદરનો કઠેરો તૂટતા નિરીક્ષક ટીમ દોડી આવી

# ગ્રામજનોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

**ગાંધીનગરની** નિરીક્ષક ટીમ કાર્યવાહી વગર પરત ફરતાં ગ્રામજનોમાં રોષ વધુ ઉગ્ર બન્યો



કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડ તાલુકાના કુડસદ ગામે નવી બનાવાયેલી પાણીની ટાંકીમાં ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈ રવિવારે ગાંધીનગરથી અધિકારીઓની ટીમ નિરીક્ષણ માટે ગામે પહોંચી હતી. પરંતુ ગ્રામજનોના ભારે વિરોધના કારણે અધિકારીઓ કોઈ સ્પષ્ટ કાર્યવાહી કર્યા વગર જ પરત ફરી જતાં ગ્રામજનોમાં રોષ વધુ તીવ્ર બન્યો છે.

મળતી માહિતી મુજબ, લગભગ ૨૫ લાખ રૂપિયાના ખર્ચે ૧ લાખ લિટર ક્ષમતા ધરાવતી પાણીની ટાંકી ગ્રામ પંચાયત તથા તાલુકાની ૧૫મી નાણા પંચની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવી છે. આજે વોસ્મોના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સહિત ગાંધીનગરની ટીમ સ્થળ પર ચકાસણી કરવા આવી હતી. પરંતુ ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થઈ અધિકારીઓ સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોના વિરોધ વચ્ચે અધિકારીઓ અને ટીમ કોઈ નિર્ણય જાહેર કર્યા વગર જ સ્થળ પરથી રવાના થઈ ગયા હતા. ગ્રામજનોનું કહેવું છે કે ટાંકીમાં ગુણવત્તાનો અભાવ છે અને હાલ ટેસ્ટિંગ માટે પાણી ભરતા જ ટાંકી પર ચઢવા માટે બનાવાયેલા દાદરનો કઠેરો તૂટવા માંડ્યો હોવાની ઘટના સામે આવી છે. એક જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ કરવામાં આવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. જો સમસ્યાનું યોગ્ય નિરાકરણ નહીં આવે તો ગ્રામજનો દ્વારા આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપવામાં આવી છે તેમજ કોઈ પણ રાજકીય પક્ષના ઉમેદવારને બૂથ પર ઊભા નહીં કરવા દેવાની ચેતવણી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### જવાબદાર કોન્ટ્રાક્ટને બ્લેકલિસ્ટ કરવા માંગ

કુડસદ ગ્રામ પંચાયત સભ્ય ભાવેશ પટેલે જણાવ્યું હતું કે આ અંગે લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઇ ઠોસ નિરાકરણ આવ્યું નથી. તાજેતરમાં ફરી એકવાર કુડસદ ગામ ચર્ચામાં આવ્યું છે. ટાંકીના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો ગામજનો કરી રહ્યા છે. સમસ્ત કુડસદ ગામની માંગ છે કે હાલની ખામીયુક્ત પાણીની ટાંકી દૂર કરી નવી ટાંકી બનાવવામાં આવે અને જે કોન્ટ્રાક્ટર દ્વારા કામ કરવામાં આવ્યું હોય તેને બ્લેકલિસ્ટ જાહેર કરવામાં આવે. જો આ મામલે યોગ્ય અને સમયસર નિરાકરણ નહીં આવે, તો કુડસદ ગામના લોકો આવનારી ચૂંટણીનો બહિષ્કાર કરવા મજબૂર બનશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાયણ-કારેલી રોડ પર ધંધાને નડતરરૂપ ડીવાઈડર તોડી નાંખતા ફરિયાદ



સાયણ: હાલમાં સાયણ- કારેલી-મુળદ રોડને પહોળો કરી નવીનીકરણનું કામ હાલમાં ચાલી રહ્યું છે. આ રોડ ઉપર સાયણ ગામની હદમાં હમીર કાળુભાઈ ડેરનો કેશરીનંદન વે-બ્રિજ આવેલો છે. આ વે-બ્રિજ ઉપર મોટા વાહનોને વજન કરવા આવવા-જવાની સગવડ કરી પોતાના ધંધામાં આર્થિક લાભ માટે હમીર ડેરેએ જેસીબી હાઈડ્રોલિક મશીનના ચાલક સાથે ડીવાઈડર તોડી રોડ ક્રોસ કરવા રસ્તો બનાવ્યો હતો. જે બાબતની જાણ થતાં સરકારના માર્ગ અને મકાન વિભાગ-૩ના કર્મી વિરેન પ્રવિણભાઈ જાદવાણીએ નુકસાન કરનાર બંન્ને આરોપી વિરુદ્ધ આશરે રૂ.૧.૨૫ લાખનું સરકારી પ્રોપટીને નુકસાન કરવા બદલ ઓલપાડ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવી હતી.

### ધોરણપારડી પાસે કલરકામ કરતાં આધેડનું વીજકરંટ લાગતા મોત

કામરેજ: મૂળ બિહારના કુચાઈકોટ ગામના વતની અને હાલ માંગરોળ તાલુકાના પીપોદરા ગામે હળપતિવાસમાં રહીને કલરકામ કરતાં હરેરામ ભિખારી ભા ઈ શાહ (ગુપ્તા) (ઉં.વ.54) શનિવારે ધોરણપારડી ગામે ગાયત્રીનગર સોસાયટીના મકાન નંબર 137 માં કલરકામ કરી રહ્યા હતા. ત્યારે હરેરામ શાહને મકાનની ઉપરથી ટોરેન્ટ પાવરની હાઈટેન્શન લાઈન પસાર થતી હતી, તેનો વીજ કરંટ લાગવાથી નીચે પડી ગયા હતા. તેમને દિનબંધુ હોસ્પીટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન હરેરામ શાહનુ મોત નીપજ્યું હતું. મરનાર આધેડને સાત સંતાન છે.

### જોખા પાસે કંપનીમાં કરંટ લાગતા શ્રમિકનું મોત

કામરેજ: મૂળ ઉમરપાડા તાલુકાના રાતની અને જોખાથી વાવ જતાં રોડ પર કે.એન.ડી હોમ કેર કંપનીમાં નોકરી કરીને ત્યાં જ રહેતો વિનોદ વનજી ચૌધરી (ઉં.વ.28) નિત્યક્રમ મુજબ સવારથી ફેક્ટરીમાં કામ કરતો હતો. બપોરે કેનમાં વોશીંગ મશીનનું લિક્વિડ ભરી રહ્યો હતો ત્યારે મોટર ચાલુ કરવા જતાં તેને કરંટ લાગતા તેનું મોત નીપજ્યું હતું.

### નિઝરના ખનોરા ગામે બંધ ઘરમાંથી 1.64 લાખના ઘરેણાંની ચોરી

કુકરમુંડા: નિઝરના ખનોરા ગામે ઘરફોડ ચોરીનો બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ 21 થી 22 માર્ચ 2026 દરમિયાન અજાણ્યા ચોરોએ ફરીયાદી બબીતાબેન પ્રકાશભાઈ વસાવાના બંધ રહેણાંક મકાનને નિશાન બનાવ્યું હતું. ચોરોએ ઘરના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં મુકેલા કબાટમાંથી એક લોકર તોડી અંદર રહેલા સોનાં-ચાંદીના ઘરેણા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીમાં અંદાજે 18 ગ્રામ સોનાંના ઘરેણા રૂ.1,20,000 અને 71 તોલા ચાંદીના ઘરેણા રૂ.44,700 મળી કુલ રૂ.1,64,700ની મત્તા ઉડાવી દેવામાં આવી છે. ફરિયાદના આધારે નિઝર પોલીસે તપાસ હાથ ધરી છે.

### કારેલીમાં બીજા માળેથી પટકાતાં શ્રમિકનું મોત

સાયણ: મૂળ ઓરીસ્સા રાજ્યના ગંજામ જિલ્લાનો શ્રમિક બિજય સઈત બિસોઈ (ઉં.વ.૫૯) હાલમાં ઓલપાડના સ્યાદલા ગામે પંચવટી સોસાયટીના મ.નં.૬૦ માં પરિવાર સાથે રહેતો હતો. તે કારેલી ગામની સીમમાં આવેલી શિવ ટેક્સટાઈલની સનરાઈઝ ઈન્ડસ્ટ્રીઝમાં મજૂરી કામ કરતો હતો. શ્રમિક બિજય ગત તા.૨૮ નાં રોજ નાઈટ ડ્યુટીમાં ફરજ બજાવી રહ્યો હતો, ત્યારે કંપનીના બીજા માળની રૂમમાંથી નીચે પટકાતાં તેનું મોત નીપજ્યું હતું. ઓલપાડ પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

### પરચાધારી જોધલપીર સ્વામીની જન્મ જયંતી મહોત્સવ

સુરત : સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના નઘોઇ ગામમાં આવેલા જોધલપીર સ્વામીનાં મંદિરનાં ટ્રસ્ટી અને ગામના ભક્તજનો વતી શ્રી જયસુખભાઈ એન.પટેલે જણાવ્યું હતું કે તારીખ તા.૦૨/૪/૨૦૨૬ ને ગુરુવારના રોજ પરચાધારી જોધલપીર સ્વામીની ૬૪ મી જન્મજયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧.૦૦ કલાકે શ્રી જોધલપીર સ્વામીનો વરઘોડો સ્વ. નરોત્તમભાઈ ડી.પટેલનાં નિવાસ સ્થાનેથી નીકળી મંદિરે જશે ત્યાં આરતી પુજા થશે.૭.૦૦ કલાકે યજ્ઞનું આયોજન કરેલ છે.સાંજે ૪.૩૦ કલાકે સમુહમાં મહાપ્રસાદીનું આયોજન કરેલ છે અને રાત્રે ૮.૦૦ કલાકે ભજન કીર્તન થશે.

### સોનગઢના સાદડકુવા ગામે કિશોરે ફાસો ખાંધો

સોનગઢ: સોનગઢ તાલુકાના સાદડકુવા ગામે ૧૬ વર્ષીય કિશોરે પોતાના જ ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. મળતી વિગતો મુજબ, સાદડકુવા ગામના હોળી ફળિયામાં રહેતા સિયોનભાઈ અશોકભાઈ ગામીત (ઉં.વ.૧૬) સવારના સમયે ઘરે એકલો હતો. અગમ્ય કારણોસર તેણે ઘરના મોભ ઉપર મારેલી લોખંડની એન્ગલ સાથે ઓઢણીનો છેડો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કઠોર કેળવણી મંડળના પ્રમુખ તરીકે પંકજ પટેલની વરણી

કામરેજ: કઠોર ગામે શ્રી કઠોર કેળવણી મંડળની વાર્ષિક સાધારણ સભા સંસ્થાના ઓડિટોરિયમમાં યોજાઈ હતી. જેમાં આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ તરીકે પંકજ હિરાલાલ પટેલ, મંત્રી તરીકે સૌરભ ખુશાલભાઈ વકીલની વરણી કરવામાં આવી હતી. સભામાં ગત વર્ષની સાધારણ સભાના એજન્ડા પરના કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

### ભરૂચમાં ટેટુ આર્ટિસ્ટ બુટલેગર નીકળ્યો, 2.51 લાખનો દારૂ કબજે

ભરૂચ: ભરૂચ સી-ડિવિઝન પોલીસને માહિતી મળી હતી કે, શહેરના શિતલ સર્કલ પાસે નારાયણ હોસ્પિટલ પાસે આવેલા સી.આર. ચેમ્બર ખાતે દુકાન નંબર સી-1માં શરીર પર ટેટુ (છુંદણા)કોતરી આપવા અંગેની દુકાન આવેલી છે. જેમાં વિદેશી દારૂનો વેપલો ચાલે છે. જેથી ટીમે તે ટેટુ દુકાનમાં દરોડો પાડ્યો હતો. દુકાનમાં દિપક ઉર્ફે બોબીજેસિંગ વસાવાને સાથે રાખી તપાસણી શરૂ કરી હતી. જેમાં તેના દુકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી કુલ 135 બોટલ તેમજ 117 પાઉચ મળી કુલ 2.51 લાખના દારૂ સાથે કુલ રૂ.2.56 લાખની મતા કબજે કરી હતી. પોલીસેની તપાસમાં તેણે કબુલ્યું હતુ કે, સોનેરી મહેલ ખાતે રહેતાં પ્રતિક કાયસ્થ તેમજ બરાનપુરા ધોળીકુઇ બજાર વિસ્તારમાં રહેતો શાહરૂખ નાજીર ખલીફા, વડોદરાના કરજણ ગામે રહેતા બાબુ રમણ વસવાને તે વેચાણથી દારૂ આપતો હતો. જ્યાકે વાપીના શીવા નામના બુટલેગર પાસેથી દારૂનો જથ્થો લાવતો હતો.

### હથોડા ગામે સળિયો વીજલાઈન સાથે અડી જતાં શ્રમિકનું મોત

હથોડા: હથોડા ગામની ભાગોળે આવેલા સત્યમ ઇન્ડસ્ટ્રીઝ ખાતેના બાલાજી નજીક ચાલતા બાંધકામ સ્થળે સળિયા સેન્ટિંગનું કામ કરી રહેલા પતિરામ રાજેન્દ્ર નિશસાદ (ઉં.વ.30)ના હાથમાં રહેલો લોખંડનો સળિયો ઉપરથી પસાર થતી વીજ લાઈનને અડી જતાં તેને કરંટ લાગતા મોત થયું હતું. બનાવ અંગે પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

# અસ્તાન બ્રિજ પર પશુપાલકોનો ત્રાસ, ઢોર ઉપર ચઢાવી દીધા

**જાગૃત** નાગરિકે બનાવેલો વિડીયો વાયરલ, કડક કાર્યવાહીની માંગ, અકસ્માતનો ભય



બારડોલી: બારડોલીમાં કરોડોના ખર્ચે નવનિર્મિત અસ્તાન ઓવરબ્રિજ કાર્યરત થતાંની સાથે જ વિવાદોના વમળમાં ફસાયો છે. શહેરના મુખ્ય રસ્તાઓ પર રખડતા ઢોરનો ત્રાસ તો વર્ષો જૂની સમસ્યા છે, પરંતુ હવે પશુપાલકો દ્વારા પશુઓને સીધા ઓવરબ્રિજ પર ચઢાવી દેવામાં આવતા વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં એક જાગૃત વાહનચાલકે આ ગંભીર બેદરકારીનો વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે, જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે સાંકડા બ્રિજ પર પશુઓના જમાવડાને કારણે ટ્રાફિક ખોરવાઈ રહ્યો છે. આ ઓવરબ્રિજની પહોળાઈ મર્યાદિત હોવાથી પશુઓ વચ્ચે આવી જતાં વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. વિડીયો બનાવનાર નાગરિકે તંત્ર સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, બ્રિજ લોકોની સુવિધા માટે બનાવ્યો છે કે પશુઓ માટે? તંત્ર વહેલી તકે આ બાબતે ધ્યાન આપી કડક કાર્યવાહી કરે. ઓવરબ્રિજ પર પશુઓના કારણે ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોની માંગ છે કે નગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા ઓવરબ્રિજ પર પશુઓ ચઢાવનાર પશુપાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. જો વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો આ બ્રિજ સુવિધાને બદલે દુવિધાનું કેન્દ્ર બની રહેશે.

# નિહાલી ગામે વધુ એક દીપડો પાંજરે પુરાયો

**હજુ પણ** અન્ય દીપડાઓ હોવાની આશંકાએ ડરનો માહોલ યથાવત



મેહુલ પટેલ

અનાવલ: મહુવા તાલુકાના નિહાલી ગામના પટેલ ફળિયામાંથી વધુ એક કદાવર દીપડો પાંજરે પુરાતા વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. નોંધનીય છે કે આ વિસ્તારમાંથી પકડાયેલો આ ત્રીજો દીપડો છે.

નિહાલી ગામ અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી દીપડાની અવરજવર વધી ગઈ હતી. ગ્રામજનોની સુરક્ષાને ધ્યાને રાખી વન વિભાગ દ્વારા ગામના પટેલ ફળિયા નજીક વ્યૂહાત્મક રીતે પાંજું ગોઠવવામાં આવ્યું હતું. ગત રાત્રે મારણની લાલચે આ કદાવર દીપડો પાંજરામાં આવી ચઢ્યો હતો. દીપડો કેદ થતાં જ જોરજોરથી ગર્જના કરવા લાગ્યો હતો, જેના અવાજથી આસપાસના ગ્રામજનો એકઠાં થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ સ્થળ પર દોડી આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર દીપડો પૂર્ણ કદનો અને તંદુરસ્ત છે. પ્રાથમિક તપાસ બાદ દીપડાને ઉપલી અધિકારીની સૂચના આધારે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. એક તરફ ત્રીજો દીપડો પકડાતા લોકોને રાહત થઈ છે, તો બીજી તરફ હજુ પણ અન્ય દીપડાઓ હોવાની આશંકાએ ડરનો માહોલ યથાવત રહ્યો છે. આવી છે.

## વરેલી ગામે સગીરાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણા: પલસાણાના વરેલી ગામે આવેલા પાયલ પાર્ક કૃષ્ણકુંજ એપાર્ટમેન્ટમાં રહેતી ૧૬ વર્ષીય સગીરા રોશની ઈન્દ્રદેવ ઠાકુર નામની યુવતીએ શનિવારે સવારના સમયે પોતાના રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે.

મૂળ બિહારના ભોજપુર જિલ્લાના વતની અને હાલ વરેલી ખાતે રહી મજૂરી કામ કરતાં ઈન્દ્રદેવ શિવપ્રસાદ ઠાકુરની દીકરી રોશનીએ તા. ૨૮ માર્ચના રોજ સવારે પોતાનો રૂમ અંદરથી બંધ કરી દીધો હતો અને પંખા સાથે સાડીનો ગાળિયો બનાવી આપઘાત કરી લીધો હતો. આ ઘટનાની જાણ થતાં જ પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ઘટના અંગે કડોદરા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પશ્ચિમ બંગાળમાં યુવતીની હત્યામાં 14 વર્ષથી વોન્ટેડ ઓલપાડથી ઝડપાયો



સાયણ: પશ્ચિમ બંગાળ રાજ્યના હુંઘલી જિલ્લાના છોટાખાનપુર ગામે રહેતી યુવતી દુર્ગા ઉર્ફે કનક કાર્તિક રૂદ્રને અજ્ઞાત પુરૂષો સાથે સંબંધો હતા. તેના પરિવારજનોએ વિરોધ કરવા છતાં તે ધ્યાન આપતી નહોતી. જેથી આ ગામમાં રહેતો મહમંદ ગફુર શેખ (હાલ ઉં.વ.૩૭) નામના શખ્સે તેના મળતીયાઓ સાથે દુર્ગા ઉર્ફે કનકનું ખૂન કર્યું હતું. હત્યા બાદ સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરતાં તે સને-૨૦૧૨ થી છેલ્લા ૧૪ વર્ષથી ઉતરપ્રદેશ, પંજાબ તથા ગુજરાતમાં મજૂરી કામ કરવા વેશપલટો કરી નાસતો-ફરતો હતો. જયારે આ આરોપી મહમંદ ગફુર શેખ હાલમાં સુરત શહેરના મોરાભાગળ ખાતે શાંતિ સુમન એપાર્ટમેન્ટના ફલેટ નં.ડી/૧૩૦૨ માં રહી મજૂરી કામ કરી રહ્યો હતો. બાતમીના આધારે ઓલપાડ પોલીસે સુરત-ઓલપાડ રોડ પર તળાદ પાટિયા પાસે દરગાહ પાસેથી આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસની પૂછપરછમાં આરોપીએ હત્યાની કબૂલાત કરી હતી.

## અંકલેશ્વરના ઉદ્યોગકારો GPCB, ગાંધીનગર ખાતે ઉપવાસ ઉપર ઉતરશે

અંકલેશ્વર: અંકલેશ્વરના વેસ્ટ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા CETP પ્રોજેક્ટને લગતી મંજૂરીમાં વિલંબ મુદ્દે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સામે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. એસોસિએશન દ્વારા આવતીકાલથી ગાંધીનગર ખાતે અનિશ્ચિત કાળ સુધી ઉપવાસ આંદોલન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. એસોના પ્રતિનિધિ રમેશ ગાબાણીના જણાવ્યા અનુસાર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં લાંબા સમયથી વિલંબ થઈ રહ્યો છે. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ આ વિલંબને કારણે કરોડો રૂપિયાના ખર્ચે ઊભો કરાયેલો પ્રોજેક્ટ અસરગ્રસ્ત બન્યો છે, પર્યાવરણીય અનુપાલન માટેની મહત્ત્વપૂર્ણ વ્યવસ્થાઓ પણ અટવાઈ ગઈ છે. આ સાથે અનિશ્ચિત ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે.

# કુંકરમુંડાના આધેડની હત્યામાં મહિલા સહિત બે ઝડપાયા

**મૃતકના** ત્રાસથી કંટાળી મહારાષ્ટ્રના તલોદમાં હત્યા કરી હતી

કુકરમુંડા: તલોદા તાલુકાના સતોના સીમમાં થયેલી હત્યાની ઘટનાના બે દિવસમાં નંદુરબાર એલસીબીએ બે આરોપીને ઝડપી લીધા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, તા. 25/03/2026ના રોજ કાંતિલાલભાઈ મોતીરામ વળવી (ઉં.વ.57, રહે., બાલંબા, તા. કુકરમુંડા, જિ. તાપી) જેઓ ઘરેથી કોઈ કામ માટે બહાર નીકળ્યા બાદ પરત ફર્યા નહોતા. ત્યારબાદ તા. 26/03/2026ના રોજ તેમનો મૃતદેહ તલોદા તાલુકાના સતોના સીમમાં આવેલા ખેતર માંથી મળી આવ્યો હતો, જેના કારણે વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, અજાણ્યા વ્યક્તિ દ્વારા માથા પર ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી તેમજ દોરી વડે ગળું દબાવી હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને નંદુરબાર એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર હેમંત પાટીલના નેતૃત્વ હેઠળ વિશેષ ટીમ બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મળેલા પુરાવા, માહિતી અને સાક્ષીઓના આધારે કાંતિલાલ દશરથ પાડવી (ઉં.વ.50, રહે., શેલવાઈ, તા.તલોદા, જિ. નંદુરબાર) અને મોગરાબેન અજીતભાઈ વળવી (ઉં.વ.41, રહે., આમોદા, તા. કુકરમુંડા, જિ. તાપી) એ મળીને હત્યા કરી હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી પૂછપરછ કરતાં મોગરાબેન વળવીએ કબૂલાત કરી હતી કે, મૃતક કાંતિલાલ વળવી દ્વારા થતાં ત્રાસથી કંટાળી બંનેએ મળીને આ હત્યાનો ગુનો આચર્યો હતો. હાલ બંને આરોપીઓને ઝડપી પાડી તલોદા પોલીસના હવાલે કરવામાં આવ્યા છે.

### અન્ય મહાનુભાવોએ કરેલા લોકાર્પણ સાથે

# બુહારીમાં એકનાં એક કામનું બીજી વખત લોકાર્પણ પોતાના હસ્તે કરવાના ધારાસભ્ય મોહન ઢોડિયાનાં નિષ્ફળ પ્રયાસો

**ખોટો** જશ લેવા બુહારી ગામમાં નીકળનારા ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાએ લોકોના વિરોધનો સામનો કરવો પડ્યો : ગ્રામજનો

**ધારાસભ્યશ્રી** ખૂબ વડીલ છે. રાજકારણ નો મોટો અનુભવ છે. આશા રાખું કે જલ્દી થી તેઓ સારા ખરાબનું પારખી એમનું પોતાનું રાજકીય નુકસાન થતુ અટકાવે : ઉપસરપંચ સુરજ દેસાઇ

બુહારી: તાપી જિલ્લાના વાલોડના બુહારી ગામમાં ગઈકાલે અંદાજે ૧.૬૫ કરોડ રૂપિયાના કામોનું લોકાર્પણ માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહરીના પ્રમુખશ્રી સત્યજીતભાઈ દેસાઇના હસ્તે ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય તૃપ્તિબેન પટેલ, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય દર્શનાબેન પરમાર, સરપંચ શ્રીમતિ વનિતાબેન ગામીત, ઉપસરપંચ સુરજ દેસાઇ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

એકના એક કામનું બે વાર ખાતમુર્હુત કરવા અને અન્ય મહાનુભાવોએ કરેલા લોકાર્પણનું ફરીથી પોતાના હસ્તે કરવા ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાએ બુહારી ગ્રામ પંચાયત ઓફિસ પાસે તા.૨૯/૦૩/૨૦૨૨૬ (રવિવારે) સવારે ૧૦:૧૫ કલાકે ફરીથી લોકાર્પણ કાર્યક્રમ રાખ્યો હતો.

બીજીવારના કાર્યક્રમનો વિરોધ બુહારીની જનતાએ નોંધાવી. રૂખ પારખી ગયેલા ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાએ પંચાયત પાસેનો કાર્યક્રમ પડતો મૂકી જગ્યા બદલીને ચોથી જગ્યાએ પુરતા પોલીસ બંદોબસ્ત હેઠળ ફક્ત રામજી મંદિર પાસે જઇને નાળિયેર વધેર્યું હતું.

ફરીથી ખોટો જશ લેવા બુહારી ગામમાં નીકળનારા ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાએ લોકોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

અગાઉ પણ ૧૩ કરોડ ૪૦ લાખ રૂપિયાના પ્રોટેક્શન વોલના કામનું બે વાર ખાતમુર્હુત રાખ્યું જેમાં બુહારીના કોઇ પણ નાગરિકો ઉપસ્થિત રહ્યા ન હતા. પહેલા ગ્રામ પંચાયત બુહારી મુકામે સવારે ૧૦:૧૫ કલાકે કાર્યક્રમ છે, એવું ધારાસભ્યએ પોતે સોશિયલ મીડિયામાં જાહેરાત કરી હતી. વિરોધના ડરે જાહેર સભા મુલતવી રાખવી પડી હતી. તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે.

ધારાસભ્યને ગ્રામ પંચાયત બુહારી અને બુહારીના અગ્રણી સત્યજીત દેસાઇની આખી ટીમને નજર અંદાજ કરવાથી શું થાય એનો અનુભવ થયો હતો. ધારાસભ્યને બુહારીમાં પરિસ્થિતિનો અગાઉથી આઇડિયા આવી જતાં પોલીસ તંત્ર સક્રિય કરી બુહારીમાં મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત મુક્યો હતો. સમગ્ર તાલુકાની પોલીસ સવારથી બુહારીમાં ખડે પગે તૈનાત હતી.

પોલીસતંત્ર દ્વારા બુહારીના અગ્રણી સત્યજીત દેસાઇ સહિત બુહારીના આગેવાનોને નજર કેદ કર્યા હતા. જેથી નક્કી કરેલી જગ્યાને બદલે દૂર જઇ નાળિયેળ વધેરી સંતોષ માનવો પડ્યો.

# માંડવી ગરેડિયા પુલ પાસે બાયપાસ માર્ગ સપ્તાહમાં શરૂ થશે



હિતેશ પટેલ

માંડવી: માંડવી અને ખેડપુરને જોડતા ગરેડિયા પુલના નવનિર્માણનું કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. આ કામગીરીના નિરીક્ષણ બાદ સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ જાહેરાત કરી છે કે, આગામી એક અઠવાડિયામાં હળવા વાહનો માટે વૈકલ્પિક બાયપાસ માર્ગ શરૂ કરવામાં આવશે. આ બાયપાસ માર્ગ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર જેવા હળવા વાહનો માટે ખુલ્લો મુકાશે. જોકે, સુરક્ષાના કારણોસર આ કામચલાઉ માર્ગ પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. ધારાસભ્યએ કાર્યસ્થળની મુલાકાત લઈ અધિકારીઓનેકામની ગુણવત્તા અને ગતિ જાળવી રાખવા સૂચના આપી હતી. રાજ્ય સરકાર દ્વારા આશરે 7.5 કરોડના ખર્ચે આકાર પામી રહેલો આ પુલ આઝાદી બાદ પ્રથમ વખત નવો બની રહ્યો છે. આ નવો પુલ પ્રાદેશિક કનેક્ટિવિટી, વેપાર અને રોજગાર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ વધુમાં જણાવ્યું હતું કે, માંડવી તાલુકામાં આ ઉપરાંત અન્ય 26 જેટલા લો-લેવલ બ્રિજ અને માર્ગોના કામો પણ મંજૂર કરવામાં આવ્યા છે. તેમાંથી કેટલાક માર્ગો અને બ્રિજોનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેનાથી સમગ્ર વિસ્તારના વિકાસને નવી ગતિ મળી છે.

## સોનગઢના યુવકનાં મોબાઈલ નંબરથી ફેક ઈન્સ્ટા આઈડી બનાવી

સોનગઢ: સોનગઢના શ્રાવણીયા ગામે રહેતા અલ્પેશભાઈ રમણભાઈ ગામીત (ઉં.વ.૩૨) ના નામે કોઈ અજાણ્યા શખ્સે સોશિયલ મીડિયા પર ફેક આઈડી બનાવી બદનામ કરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. અલ્પેશભાઈ ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમની ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યા શખ્સે તેમના મોબાઈલ નંબરનો ઉપયોગ કરી ઈન્સ્ટાગ્રામ પર "hasmita^2686" નામનું ખોટું આઈડી બનાવ્યું હતું. આ ફેક આઈડી પર અજાણી છોકરીના ડીપી (પ્રોફાઈલ પિક્ચર) મૂકીને અને અન્ય છોકરા-છોકરીઓના ફોટા અપલોડ કરીને ફરિયાદીની સામાજિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવામાં આવી હતી. ગત ૧૭/૧૨/૨૦૨૫ થી આ આઈડી કાર્યરત કરી ફરિયાદીને અજાણ્યા ફોન અને બીભત્સ વોટ્સએપ મેસેજ આવતા હતા. અલ્પેશભાઈએ સાયબરમાં ફરિયાદ કર્યા બાદ સોનગઢ પોલીમાં ફરિયાદ નોંધાવી છે.